# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રીએ નાગરિકોનું જીવન સરળ બનાવવા કાયદામાં સુધારણા કરવા પર ભાર મૂક્યો.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યા.**
3. **અસંખ્ય ફ્લાઇટ રદ થવાથી DGCAએ ઇન્ડિગોને ફ્લાઇટ શેડ્યૂલમાં 5 ટકાનો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો.**
4. **ગોવા દુર્ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસમાં સ્થાનિક અધિકારીઓની પ્રક્રિયાગત ભૂલો બહાર આવી.**
5. **વૈશ્વિક બજારોમાં નરમાશના પગલે ભારતીય શેરમાર્કેટમાં કડાકો.**
6. **કટકના બારામતી સ્ટેડિયમમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પહેલી ટી -20 મેચ રમાશે.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# KIRAN RIJJJU REFORMS

નવી દિલ્હી ખાતે આજે સવારે રાષ્ટ્રીય લોકતાંત્રિક જોડાણ એનડીએ સંસદીય દળની બેઠક યોજાઇ હતી. જેમાં પ્રધાનમંત્રીએ તમામ સાંસદોને કાયદાકીય સુધારા અઁગેનું માર્ગદર્શન આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ સામાન્ય લોકોનુ જીવન સરળ બને તેવા સુધારા કરવા પર ભાર મૂકીને તમામ સાંસોદને માર્ગદર્શન આપ્યું હોવાનું સંસદીય કાર્યમંત્રી કિરણ રિજ્જુએ કહ્યું હતું.

## બાઇટ- કિરણ રિજજ્, સંસદીય કાર્યમંત્રી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-DD SANSKRIT PROG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જીવનમાં સંસ્કૃતની કાયમી સુસંગતતા પર પ્રકાશ પાડ્યો . તેમણે દૂરદર્શન પર દરરોજ આવતા સુપ્રભાતમ કાર્યક્રમમાં સંસ્કૃતના ઉપયોગની પણ નોંધ લીધી.

દરરોજ સવારે દૂરદર્શન પર આવતા કાર્યક્રમમાં સંસ્કૃત સુભાષિત રજૂ કરવામાં આવે છે , જે મૂલ્યો અને સંસ્કૃતિને એકીકૃત કરતાં હોવાનું શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ-HANDICRAFTS AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યા. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો અસાધારણ કલાત્મક નિપુણતા અને ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

(બાઈટ – રાષ્ટ્રપતિ )

2023 માટે , હાથથી દોરવામાં આવેલા કાપડ શ્રેણીમાં શિલ્પ ગુરુ પુરસ્કાર પશ્ચિમ બંગાળના અજિત કુમાર દાસને જ્યારે આંધ્રપ્રદેશના ડી શિવમ્માને ચામડાની કઠપૂતળી શ્રેણીમાં એવોર્ડ મળ્યો હતો. છત્તીસગઢના હીરાબાઈ ઝારેકા બાઘેલને ધાતુ કારીગરી માટે, ઉત્તર પ્રદેશના ઇમ્તિયાઝ અહમદને હાથથી બનાવેલા કાર્પેટ માટે અને રાજસ્થાનના રોશન છિપાને કલાત્મક કાપડ માટે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. ૨૦૨૪ માટે , ધાતુ કારીગરી શ્રેણીમાં હરિયાણાના સુભાષ અરોરાને અને લાકડાની કોતરણી શ્રેણીમાં ઉત્તર પ્રદેશના મોહમ્મદ દિલશાદને શિલ્પ ગુરુ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૨૪ માટે પથ્થર કોતરણી માટે તમિલનાડુના ટી. ભાસ્કરન , ચિત્રકામ માટે પશ્ચિમ બંગાળના રૂપબન ચિત્રકર અને આદિવાસી કારીગરો શ્રેણી હેઠળ મધ્ય પ્રદેશના બલદેવ બાઘમારેને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

૨૦૨૩ અને ૨૦૨૪ માટે કુલ ૧૨ કારીગરોને શિલ્પ ગુરુ પુરસ્કારો મળ્યા , જ્યારે ૩૬ કારીગરોને બંને વર્ષ માટે રાષ્ટ્રીય પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - LEFT WING EXTREMISM

સરકારે ડાબેરી ઉગ્રવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવી છે અને આગામી માર્ચ મહિના સુધીમાં તેને નાબૂદ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે કેન્દ્ર આ દૂષણનો અંત લાવવા માટે રાજ્ય સરકારો સાથે સંકલનમાં રહીને કામ કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે, ડાબેરી ઉગ્રવાદ દેશના બંધારણમાં માનતો નથી કે લોકશાહીમાં કોઈ વિશ્વાસ રાખતો નથી. તેમણે માહિતી આપી કે ડાબેરી ઉગ્રવાદ સામે આ નીતિ હેઠળ, રાજ્યોને CAPF બટાલિયન પૂરી પાડવામાં આવી છે અને સુરક્ષા સંબંધિત ખર્ચ યોજના હેઠળ ત્રણ હજાર ૫૨૩ કરોડ રૂપિયાનું ભંડોળ બહાર પાડવામાં આવ્યું છે.

આ સાથે ખાસ કેન્દ્રીય સહાય હેઠળ ત્રણ હજાર 848 કરોડ રૂપિયા પણ પૂરા પાડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - CHOUHAN FOODGRAINS

દેશમાં કુલ ખાદ્યાન્ન ઉત્પાદન ૩૫૭ મિલિયન ટનથી વધુ હોવાનો અંદાજ છે , જે ગયા વર્ષની સરખામણીમાં ૭.૬૫ ટકા વધુ છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ખેડૂતોની મહેનત અને કેન્દ્રની નીતિઓને કારણે આ શક્ય બન્યું છે. તેમણે કહ્યું કે , દેશમાં ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીનું સૌથી વધુ પાક ઉત્પાદન નોંધાયું છે.

## (S/B- શિવરાજ સિંહ ચૌહાણ)

કુદરતી આફતોને કારણે પાકના નુકસાન વિશે વાત કરતા તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને આપત્તિ વ્યવસ્થાપન માટે તમામ જરૂરી સહાય પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# DCGA - INDIGO FLIGHT SCHEDULE REDUCTION

તાજેતરમાં અસંખ્ય ફ્લાઇટ રદ થવાને કારણે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને ઇન્ડિગોને વિવિધ ક્ષેત્રોમાં તેના ફ્લાઇટ શેડ્યૂલમાં 5 ટકાનો ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો છે.

DGCA એ તેની નોટિસમાં જણાવ્યું હતું કે આ વર્ષે શિયાળાના સમયપત્રક મુજબ, એરલાઇન માટે દર અઠવાડિયે પંદર હજારથી વધુ પ્રસ્થાનોને મંજૂરી આપવામાં આવી હતી. આ નવેમ્બરમાં અપેક્ષિત ચોસઠ હજાર ફ્લાઇટ્સના બદલે ફક્ત સાઠ હજારથી ઓછી ફ્લાઇટ્સનું સંચાલન કર્યું હતું.

વધુમાં, એરલાઇનને 403 વિમાનો સાથે શેડ્યૂલમાં 6 ટકાનો વધારો કરવાની મંજૂરી આપવામાં આવી હતી, જોકે ઇન્ડિગો વિમાનોનું સંચાલન કરી શકી નહતી.ઉડ્ડયન સંસ્થાએ એરલાઇનને આવતીકાલે સાંજે 5 વાગ્યા સુધીમાં સુધારેલ સમયપત્રક રજૂ કરવા જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOA-FIRE

ગોવા દુર્ઘટનાની મેજિસ્ટ્રેટ તપાસમાં સ્થાનિક અધિકારીઓની પ્રક્રિયાગત ભૂલો બહાર આવી છે.

તપાસમાં બહાર આવ્યું છે કે સ્થાનિક સરપંચે ટ્રેડ લાઇસન્સ સહિત અનેક પરવાનગીઓ આપી હતી. સ્થાનિક સંસ્થા ઇમારતને સીલ કરવામાં નિષ્ફળ ગઈ છે. ઇમારત , ગોવા પંચાયત રાજ કાયદાનું ઉલ્લંઘન કરીને , માર્ચ 2024 થી ગેરકાયદેસર રીતે કાર્યરત હતી.

ગોવા પોલીસે શોધી કાઢ્યું કે ઘટનાના થોડા કલાકો પછી , 7 ડિસેમ્બરે સવારે 5:30 વાગ્યે ફ્લાઇટમાં બે મુખ્ય આરોપીઓ કુકેટ ભાગી ગયા હતા. પોલીસ આ આરોપીઓને પકડવા માટે સીબીઆઈના ઇન્ટરપોલ વિભાગ સાથે સંકલન કરી રહી છે.

વીસ મૃતકોના મૃતદેહોને સ્વદેશ પરત લાવવામાં સરકાર સંપૂર્ણ સહયોગ આપી રહી છે. નવા સુરક્ષા ધોરણો વિકસાવવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# STOCKS-1200

વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણ અને અમેરિકા દ્વારા આગામી સમયમાં ફેડરલ વ્યાજદરની જાહેરાતના પગલે શેરબજારમાં મંદીનો માહોલ જોવા મળ્યો હતો.

IT, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં પીછેહટના પગલે સેન્સેકેસ ચારસોપચાસ કરતાં વધુ અને નિફ્ટીમાં 100 પોઇન્ટનો કડાકો જોવા મળ્યો હતો..

જોકે સવારથી જ જાહેર ક્ષેત્રની બેંકો , ટેલિકોમ્યુનિકેશન્સ અને રિયલ્ટી શેરોમાં લેવાલી જોવા મળી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-IND-VS-SA-T20

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજથી પ્રારંભ થશે. ઓડિશાના કટકના બારાબતી સ્ટેડિયમમાં આજે સાંજે 7 વાગ્યે રમાશે.

સાંભળીએ એક અહેવાલ..

## V/C: NIKHIL CRICKET

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

**ઇન્ડિયન પ્રીમિયર લીગ એ 2026 સીઝન માટે ખેલાડીઓની હરાજીની યાદીને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. IPL દ્વારા જાહેર કરાયેલા યાદીમાં 350 ખેલાડીઓનો સમાવેશ થાય છે જે 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારી આગામી હરાજીમાં બોલી લગાવવા માટે હાજર રહેશે.**

**હરાજી માટે નોંધણી કરાવનારા 1,390 ખેલાડીઓમાંથી 350 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં 240 ભારતીય અને 110 વિદેશી ખેલાડીઓનો સમાવેશ થાય છે. પૂલમાં 224 અનકેપ્ડ ભારતીય ખેલાડીઓ અને 14 અનકેપ્ડ વિદેશી ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# KIRTI VARDHAN- UNEA

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહ આજે કેન્યાના નૈરોબીમાં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ સભા - યુએનઇએ ના 7મા સત્રમાં હાજરી આપશે. ગઈકાલથી શરૂ થયેલા 5 દિવસના સત્ર દરમિયાન તેઓ 193 દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે જણાવ્યું હતું કે આ સત્રમાં આબોહવા પરિવર્તન અને જૈવવિવિધતાના નુકસાન જેવા પર્યાવરણીય પડકારો પર ચર્ચા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે -યુએનઇએ - એ પર્યાવરણીય બાબતો પર સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વની સર્વોચ્ચ સ્તરની નિર્ણય લેતી સંસ્થા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .